એકમ 8

# જાહેર દેવું અને નાણાકીય વહીવટ

-: રૂપરેખા :-

8.1 ઉદ્દેશો

8.2 પ્રસ્તાવના

8.3 જાહેર દેવું અને નાણાકીય વહીવટ

8.3.1 સરકારી લોન અને કરવેરા વચ્ચે તુલના

8.3.2 ખાનગી દેવું અને જાહેરદેવાની તુલના

8.4 જાહેર દેવાનું વર્ગીકરણ :-

8.4.1 આંતરિક અને બાહ્ય જાહેર દેવું

8.4.2 ઉત્પાદકીય/ પુનઃ ઉત્પાદકીય અને બિન ઉત્પાદકીય જાહેર દેવું

8.4.3 પુનઃ ખરીદપાત્ર અને પુનઃ ખરીદ અપાત્ર જાહેર દેવું

8.4.4 સ્થાયી અને અસ્થાયી જાહેર દેવું

8.4.5 ફરજિયાત અને સ્વૈચ્છિક જાહેર દેવું

8.5 જાહેર દેવાંના સ્ત્રોત :-

8.5.1 આંતરિક જાહેર દેવું

8.5.2 બાહ્ય જાહેર દેવું (આંતરરાષ્ટ્રીય જાહેર દેવું)

8.6 જાહેર દેવાંની આર્થિક અસરો :

8.6.1 જાહેર દેવાંની વપરાશ પરની અસરો

8.6.2 જાહેર દેવાંની મૂડીરોકાણ પરની અસરો

8.6.3 જાહેર દેવાંની આવકની વહેંચણી પરની અસરો

8.6.4 વિદેશી જાહેર દેવાંની અર્થતંત્ર પરની અસરો

8.7 જાહેર દેવાંની ચૂકવણીની રીતો :

8.7.1 દેવાની ચૂકવણીનો ઈનકાર

8.7.2 નવી જામીનગીરીઓ દ્વારા

8.7.3 દેવાનું રૂપાંતર

8.7.4 કેપિટલ લેવી

8.7.5 ક્રમિક બોન્ડની ચૂકવણી

8.7.6 ડૂબતનિધિ

8.7.7 પુરાંતવાળું અંદાજપત્ર

8.7.8 વધારાના કરવેરા

8.8 સારાંશ :

8.9 ચાવીરૂપ શબ્દો :

⇨ ઉપયોગી પુસ્તકો ની યાદી :

⇨ 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો :

## 8.1 ઉદ્દેશો :

આ એકમના અભ્યાસ પછી તમે નીચેની બાબતોની સ્પષ્ટ સમજૂતી મેળવી શકશો :

- ➢ વિશ્વના તમામ દેશો પછી તે વિકસિત હોય કે વિકાસમાન, જાહેર દેવું કરે છે, કારણ કે, દેવું દેશના ઝડપી વિકાસ માટે આવશ્યક છે.
- ➢ દેવાની અર્થતંત્રનાં વિવિધ ક્ષેત્રો પર સારી કે માઠી અસરો થાય છે.
- ➢ સમય અને સંજોગો અનુસાર સરકારે જાહેર દેવાના પ્રકારોમાંથી કોઈ ચોક્કસ દેવાની પસંદગી કરવાની રહે છે.
- ➢ સરકારે પણ જાહેર દેવાની પરત ચૂકવણી કરવાની હોય છે કે જેથી ભવિષ્યમાં જ્યારે ફરીથી નાણાકીય સહાયની જરૂરિયાત ઊભી થાય ત્યારે મળી રહે.

## 8.2 પ્રસ્તાવના :

આ અગાઉના એકમોમાં આપણે જાહેરખર્ચ અને કરવેરા વિશે સમજ્યા. હવે આપણે અહિં જાહેર દેવું અથવા જાહેર ઋણ વિશે સમજીશું. રાજ્યે તેની વિવિધ આર્થિક પ્રવૃત્તિઓના સંચાલન માટે જે નાણાકીય પ્રબંધ વિચારવા પડે છે, તેમાંનું એક છે જાહેર દેવું, રાજ્ય અથવા રાષ્ટ્ર પોતાની પરના લેણપત્રો લોકોને જામીનગીરીના રૂપમાં આપી તેના બદલમાં જે નાણું પ્રાપ્ત કરે છે તેને જાહેર દેવું કહેવામાં આવે છે. જેમ કોઈ ખાનગી કંપની પોતાના બોન્ડ બહાર પાડી નાણાભંડોળ એકઠું કરે છે તેવી જ આ પદ્ધતિ છે. જોકે બંને વચ્ચે ઘણો તફાવત છે, જે હવે આગળની ચર્ચામાં આપણે સમજીશું.

## 8.3 જાહેર દેવું અને નાણાકીય વહીવટ :

પ્રવર્તમાન સમયમાં સરકાર વિવિધ હેતુઓની પૂર્તિ માટે નાણું ઉછીનું લે છે. કારણ કે સરકાર જાહેર દેવાને આર્થિક વિકાસ અને સ્થિરતા માટેના સાધન તરીકે જુએ છે. આજે સરકાર આવકપ્રાપ્તિનાં અન્ય સાધનોની જેમ જ જાહેર દેવાને ગણે છે. સરકાર બેંકો, નાણાકીય સંસ્થાઓ, ધંધાકીય એકમો કે ખાનગી વ્યક્તિ પાસેથી દેવું કરે છે. માત્ર દેશમાંથી જ નહી, પરંતુ વિદેશમાંથી પણ દેવું કરવામાં આવે છે. ઉછીનું નાણું લેવું અથવા તો જાહેર દેવું કરવું, તે એક સામાન્ય ઘટના બની ગઈ છે. કોઈ પણ આધુનિક બંધારણીય સરકાર રાષ્ટ્રના દેવામાં સતત વધારો કરતી રહેશે કે જેથી નાણાકીય અખંડિતતા અને સ્થિરતા દ્વારા આર્થિક વિકાસ શક્ય બને.

સાંપ્રત સમયમાં જાહેર દેવું વધવા માટેનું મહત્ત્વનું કારણ સરકાર દ્વારા કરવામાં આવતો જાહેર ખર્ચ છે. ખાસ કરીને યુદ્ધ પાછળ થતો ખર્ચ જાહેર દેવામાં વધારો જન્માવે છે. હાલમાં

મોટાભાગના દેશો શસ્ત્રોની આંધળી દોડમાં પુષ્કળ નાણાં ખર્ચ કરી રહ્યા છે. બે વિશ્વયુદ્ધ દરમિયાન મોટાભાગનાં રાષ્ટ્રોના જાહેરખર્ચમાં વધારો થયો હતો. જેના પરિણામે જાહેર દેવું પણ વધ્યું હતું. જાહેરદેવાના વધારા માટે બીજું મહત્ત્વનું પરિબળ છે જાહેર કાર્યો (પ્રવૃત્તિઓ) પાછળ થતો ખર્ચ. દા.ત. રેલ્વે, વાહનવ્યવહાર, સિંચાઈ, વીજળી વગેરે. અને ત્રીજું કારણ સરકારને અંદાજપત્રની નાણાકીય ખાધ દૂર કરવા માટે ઉછીના નાણાંની પ્રાપ્તિ કરવી પડે છે. સરકાર કરવેરા દ્વારા વધુ આવક ઊભી કરવાની નીતિ ઉચિત ગણતી નથી. કારણ કે, સરકારને ભય હોય છે કે કદાચ પ્રજા તેઓની કરવેરા અંગેની બદલાયેલી નીતિના કારણે લાંબા સમય સુધી સત્તા પર ટકવા દેશે નહીં.

8.3.1 જાહેર દેવું અને નાણાકીય વહીવટ :

કરવેરા અને સરકારી દેવું (માત્ર આંતરિક દેવું/લોન) બંને થોડું સરખાપણું ધરાવે છે. બંને દેશની પ્રજા પાસેથી જ લેવામાં આવે છે. બંને તબક્કે રાષ્ટ્રનાં કુલ નાણાંના પુરવઠામાં કોઈ ફેરફાર થતો નથી. સરકાર જેટલા પ્રમાણમાં દેવું અથવા કરવેરા દ્વારા નાણાંમેળવવાનો પ્રયત્ન કરશે તેટલા જ પ્રમાણમાં પ્રજાની પાસે રહેલાં નાણાંનાં જથ્થામાં ઘટાડો થશે.

જોકે, કરવેરા દ્વારા પ્રાપ્ત નાણાંને પ્રત્યક્ષ રીતે કોઈ પણ સમૂહને પરત કરવાનાં હોતાં નથી, પરંતુ દેવાની રકમ ધિરાણ કરનારને પરત કરવાની હોય છે. દેવું જ્યારે પરત કરવાનું હોય ત્યારે રાષ્ટ્રનાં કુલ નાણાંના પ્રમાણમાં કોઈ ફેરફાર થતો નથી. બીજી તરફ જ્યારે કરવેરા ઉઘરાવવામાં આવે છે ત્યારે સૌપ્રથમ તે વપરાશને, ત્યારબાદ બચતને અસર કરે છે. તો દેવું વપરાશને અસર ન કરતાં બચત અને મૂડીરોકાણને ઘટાડે છે.

8.3.2 ખાનગી દેવું અને જાહેર દેવાની તુલના :

ખાનગી દેવા અને જાહેર દેવા વચ્ચે થોડા પ્રમાણમાં સરખાપણું અને કંઈક અંશે બંનેમાં તફાવત જોવા મળે છે. ખાનગી વ્યક્તિ દ્વારા વિવિધ સ્ત્રોતો દ્વારા જે દેવું કરવામાં આવે છે તેનો ઉપયોગ વિવિધ હેતુઓ માટે કરે છે, જ્યારે સરકાર જે દેવું કરે છે તેનો હેતુ વૈકલ્પિક તથા ઉત્પાદકીય હોય છે. ખાનગી વ્યક્તિ જે પ્રવૃત્તિ ન કરી શકે તે પ્રવૃત્તિમાં રોકાણ કરવાનો સરકારનો ઉદ્દેશ હોય છે. દા.ત. સિંચાઈની સગવડતા ઊભી કરવી. ખાનગી સાહસો માટે કદાચ આવાં ક્ષેત્રોમાં મૂડીરોકાણની અછતને કારણે અથવા લાંબાગાળે લાભ મળતો હોવાના કારણે કાર્ય કરવું મુશ્કેલ હોય ત્યારે સરકારે સામાજિક કલ્યાણને ધ્યાને લઈને આવી સુવિધાઓ ઊભી કરવા માટે રોકાણ કરવું પડે છે.

ખાનગી વ્યક્તિ જ્યાં સુધી નફો પ્રાપ્ત ન થાય ત્યાં સુધી દેવાની રકમ પરત કરતી નથી, જ્યારે સરકાર નફા સાથે સામાજિક કલ્યાણની અપેક્ષા રાખે છે. અપેક્ષા પ્રમાણે નફો અથવા કલ્યાણની પ્રાપ્તિ ન થાય તો પુનઃ દેવું કરે છે.

ખાનગી દેવાદાર દેવાની રકમનો ઉપયોગ માત્ર પોતાના માટે જ કરે છે, જ્યારે સરકાર દેવાનો ઉપયોગ સમગ્ર સમાજ માટે કરે છે. ખાનગી દેવાદાર દેવાનો બોજો પોતે સહન કરે છે, જ્યારે સરકાર દેવાનો બોજો પ્રજા પર ખસેડી શકે છે. સરકાર કરવેરા દ્વારા દેવાની રકમ સમગ્ર સમાજ પાસેથી વસૂલ કરે છે. એક મહત્ત્વની બાબત એ છે કે સરકારને દેવાનું ધિરાણ કરનારને પણ સરકારના કરવેરાની રકમ ચૂકવવી પડતી હોય છે. એટલે કે ધિરાણ કરનારે પોતાના ધિરાણની રકમનો સરકાર વતી બોજો થોડા ઘણા અંશે પોતે પણ સહન કરવો પડે છે. (આંતરિક દેવાના સંદર્ભમાં)

ખાનગી દેવામાં ધિરાણ કરનારને દેવાદાર તરફથી ખર્ચ કરવામાં આવેલી રકમનો કોઈ લાભ પ્રાપ્ત થતો નથી. જ્યારે જાહેર દેવામાં ધિરનારને સરકાર દ્વારા જે નાણાકીય ખર્ચ કરવામાં આવે છે તેનો લાભ પ્રાપ્ત થાય છે. દા.ત. સરકાર કોઈ વ્યક્તિ પાસેથી ઉછીનું નાણું લે (આંતરિક દેવું કરે) અને તે રકમનો ઉપયોગ રોડ-રસ્તાઓના નિર્માણ માટે કે સંદેશાવ્યવહારની સુવિધાઓનો વિકાસ કરવા માટે કરે તો, તેનો લાભ સરકારને ઉછીની રકમ આપનાર વ્યક્તિને પણ પ્રાપ્ત થાય છે.

આમ, સરકારને ધિરાણ કરનાર વ્યક્તિને લાભ અને નુકસાન બંને થાય છે. લાભ એટલા માટે કે સરકારી ખર્ચ દ્વારા ઊભી કરાયેલી સુવિધાઓનો પોતે પણ ઉપયોગ કરી શકે છે અને નુકસાન એટલા માટે કે સરકાર જ્યારે દેવાની રકમ પરત કરવા કરવેરા ઉઘરાવે છે ત્યારે ધિરાણ કરનારે પણ કરના સ્વરૂપમાં હિસ્સો આપવો પડતો હોય છે. જે ખાનગી અને જાહેર દેવા વચ્ચેનો મુખ્ય તફાવત છે. બીજો મહત્ત્વનો તફાવત એ છે કે ખાનગી વ્યક્તિ મુખ્યત્વે દેશની અંદરથી જ ઉછીનું નાણું પ્રાપ્ત કરી શકે છે, જ્યારે સરકાર દેશની બહારથી પણ દેવું કરી શકે છે. વળી, ખાનગી વ્યક્તિ ઉત્પાદકીય પ્રવૃત્તિ અને વપરાશના ઉદ્દેશથી દેવું કરી શકે છે જ્યારે, સરકાર મોટે ભાગે ઉત્પાદકીય પ્રવૃત્તિના ઉદ્દેશથી દેવું કરે છે. અને છેલ્લે ખાનગી દેવાના વ્યાજનો દર જાહેર દેવાના વ્યાજના દર કરતાં વધુ ઊંચો હોય છે. કારણ કે સરકારની દેવાની રકમ ખૂબ જ મોટી હોય છે અન્ય અન્યની તુલનામાં દેવું પરત કરવાની ક્ષમતા પણ વધુ હોય છે.

## 8.4 જાહેર દેવાનું વર્ગીકરણ :

જાહેર દેવાને ઘણી જુદી જુદી રીતો દ્વારા વર્ગીકૃત કરવામાં આવે છે. જેમાંની બધી જ રીતો એકસરખી ઉપયોગી હોતી નથી. નીચે દર્શાવ્યા મુજબ જાહેર દેવાને વર્ગીકૃત કરી શકાયઃ

### 8.4.1 આંતરિક અને બાહ્ય જાહેર દેવું :

જ્યારે સરકાર દ્વારા દેશમાંથી જ કોઈ વ્યક્તિ, બેંક કે નાણાકીય સંસ્થાઓ પાસેથી દેવું કરવામાં આવે તો તેને આંતરિક દેવું કહેવામાં આવે છે. જો સરકાર દ્વારા વિદેશી સરકાર, વિદેશી બેંકો કે આંતરરાષ્ટ્રીય નાણાકીય સંસ્થાઓ પાસેથી દેવું કરવામાં આવે તો તેને બાહ્ય જાહેર દેવું કહે છે. પ્રવર્તમાન સમયમાં બાહ્ય દેવું દરેક સરકાર માટે સામાન્ય બની ગયું છે.

### 8.4.2 ઉત્પાદકીય/ પુનઃ ઉત્પાદકીય અને બિન ઉત્પાદકીય જાહેર દેવું :

જાહેર દેવાને ત્યારે ઉત્પાદકીય કહી શકાય કે જ્યારે આ રકમ થકી જે મૂડીરોકાણ કરીને આવક ઊભી કરવામાં આવી હોય તે આવક માત્ર દેવાનું વ્યાજ ચૂકવવા પૂરતી ઉપયોગમાં ન લેતાં લાંબાગાળાના ઉત્પાદકીય હેતુ માટે ઉપયોગમાં લેવાતી હોય. સરકાર ઘણીવાર એવાં કાર્યક્રમને ધ્યાનમાં રાખી દેવું કરે કે જે કદાચ ઉત્પાદકીય ન હોય, પરંતુ સમગ્ર સમાજ માટે ઉપયોગી હોય. દા.ત. પછાત રાજ્યોને રેલવે થકી અન્ય રાજ્યો સાથે જોડવું, બિનપિયત વિસ્તારમાં સિંચાઈની સગવડ કરી તે વિસ્તારને ખેતીની દૃષ્ટિએ સમૃદ્ધ બનાવવો વગેરે. આમ છતાં, દેવું કરીને બિનઉત્પાદકીય પ્રવૃત્તિ કરવામાં આવે અને ચોક્કસ આવક થાય તેવા કાર્યક્રમો હાથ ન ધરવામાં આવે તો તેને ભારરૂપ દેવું કહેવામાં આવે છે.

### 8.4.3 પુનઃ ખરીદપાત્ર અને પુનઃ ખરીદઅપાત્ર જાહેર દેવું :

પરિપક્વતાની દૃષ્ટિએ જાહેર દેવાને બે રીતે વહેંચી શકાય છે. પુનઃ ખરીદપાત્ર જાહેર દેવું અને પુનઃ ખરીદઅપાત્ર જાહેર દેવું. ભવિષ્યમાં કોઈ ચોક્કસ તારીખે સરકાર દ્વારા દેવું ચૂકવવાનું વચન આપવામાં આવે તો તેને પુનઃ ખરીદપાત્ર દેવું કે અવેજ કહે છે. વળી આ પ્રકારની લોન કે દેવું ચૂકવવા માટે સરકારે જે વ્યવસ્થા કરવી પડે છે તેને લીધે આવા દેવાને

સીમાયોગ્ય (terminable) પણ કહે છે. સરકારે લોન ચૂકવવાની કોઈ ચોક્કસ તારીખ દર્શાવેલી ન હોય તો તેને બિન અવેજ અથવા પુનઃ ખરીદઅપાત્ર દેવું કહે છે. આ પ્રકારની લોન સામાન્ય રીતે લાંબાગાળાની હોય છે. આથી, સમાજ પર આ પ્રકારની લોન કે દેવાનો બોજ વધુ પડે છે.

8.4.4 સ્થાયી અને અસ્થાયી જાહેર દેવું :

મુખ્યત્વે સ્થાયી દેવાને લાંબાગાળાના જાહેર દેવા તરીકે ઓળખવામાં આવે છે. આ પ્રકારના દેવાની ચૂકવણી માટે નિયમિત રીતે એક ભંડોળની રચના કરવામાં આવે છે કે જેથી મુદ્દલ અને વ્યાજની ચૂકવણી થઈ શકે. બીજી તરફ અસ્થાયી દેવું ટૂંકાગાળા માટે હોય છે. આ પ્રકારનું દેવું છ મહિના કે વર્ષની અંદર ચૂકવી દેવાનું હોય છે. સામાન્ય રીતે સરકાર વર્તમાન જરૂરિયાતને પૂર્ણ કરવાના હેતુથી અસ્થાયી દેવું કરે છે.

8.4.5 ફરજિયાત અને ઐચ્છિક (સ્વૈચ્છિક) જાહેર દેવું :

સામાન્ય રીતે સરકારી દેવું સ્વૈચ્છિક હોય છે. વ્યક્તિગત કે સંસ્થાકીય રીતે સરકારી બોન્ડ ખરીદવા માટે જાહેર આમંત્રણ આપવામાં આવે છે. બીજી તરફ ફરજિયાત લોન માટેનું દબાણ કરવું પ્રવર્તમાન સમયમાં સામાન્ય રહ્યું નથી. આમ છતાં, સરકાર દ્વારા બોન્ડ ખરીદવા માટે જે દબાણ કરવામાં આવે છે તેને ફરજિયાત જાહેર દેવું કહેવામાં આવે છે.

## 8.5 જાહેર દેવાના સ્ત્રોત :

દરેક સરકાર મુખ્યત્વે બે પ્રકારે જાહેર દેવું કરે છે. આંતરિક જાહેર દેવું અને બાહ્ય જાહેર દેવું. આંતરિક જાહેર દેવામાં સરકારે ખાનગી વ્યક્તિઓ, નાણાકીય સંસ્થાઓ, મધ્યસ્થ બેંક અને વાણિજ્ય બેંકો પાસેથી કરેલાં દેવાંનો સમાવેશ થાય છે, જ્યારે બાહ્ય જાહેર દેવામાં સરકાર વિદેશી વ્યક્તિ, વિદેશી બેંક, આંતરાષ્ટ્રીય નાણાકીય સંસ્થાઓ તથા વિદેશી સરકાર પાસેથી ઉછીનું નાણું પ્રાપ્ત કરે છે. આ બધાંને નીચે મુજબ રજૂ કરી શકાય :

8.5.1 આંતરિક જાહેર દેવું :

8.5.1.1 ખાનગી વ્યક્તિ પાસેથી નાણાંની પ્રાપ્તિ :

જ્યારે ખાનગી વ્યક્તિ સરકારની જામીનગીરીઓ ખરીદે છે ત્યારે તે પોતાના ભંડોળને વ્યક્તિગત રીતે જાહેર હેતુ તરફ વાળે છે. વ્યક્તિગત રીતે સરકારી જામીનગીરીનો ખરીદવાનો હેતુ પોતાના વપરાશને ઘટાડવા માટેનો હોય (ખૂબ જ ઓછા કિસ્સામાં) અથવા પોતાની નાણાકીય સલામતીનો હોય શકે. જોકે, સરકારનો જામીનગીરીના વેચાણનો ઉદ્દેશ લોકોની વપરાશ ઘટાડવાનો કે ધંધાનો વિસ્તાર કરવાનો હોતો નથી.

8.5.1.2 બિનબેંકિંગ નાણાકીય સંસ્થાઓ પાસેથી ઉછીનું નાણું :

સરકારી જામીનગીરી ખરીદવામાં ખાનગી વ્યક્તિની તુલનામાં વિવિધ બિનબેંકિંગ નાણાકીય સંસ્થાઓ જેવી કે, વીમા કંપનીઓ, બચત બેંકો વગેરેનો ફાળો મહત્ત્વનો છે. આ સંસ્થાઓ સરકારી જામીનગીરીઓ વધુ પસંદ કરે છે, કારણ કે, તેમને નાણાકીય સલામતી પ્રાપ્ત થાય છે તથા તેઓના નાણાકીય સોદાઓ અને તરલતા જળવાઈ રહે છે. જોકે, અહીં વ્યાજદર નીચો હોવાથી મોટાભાગની બિનબેંકિંગ નાણાકિય સંસ્થાઓ પોતાનું ભંડોળ વધુ સાહન અને વધુ વળતર આપતા શેર ખરીદવામાં રોકે છે. જો તેઓ સરકારી જામીનગીરીની ખરીદી કરશે તો તેમના નાણાકીય ભંડોળમાં ઘટાડો થવાનો

સંભવ છે.

8.5.1.3 વાણિજ્ય બેંકો પાસેથી ઉછીનાં નાણાંની પ્રાપ્તિ :

વાણિજ્ય બેંકો શાખસર્જન કરીને સરકારને ઉછીનું નાણું આપે છે, જેના બદલામાં તેને બીજા કોઈ ચોક્કસ લાભ જોઈતા હોતા નથી. જ્યારે પણ બેંકો દ્વારા વધુ નાણાંભંડોળ ઊભું કરવામાં આવ્યું હોય ત્યારે સરકાર બેંકોને જામીનગીરીનું વેચાણ કરીને વધારાનું નાણાંભંડોળ ખેંચી લે છે, બેંકોની વધુ પડતી શાખસર્જનની પ્રક્રિયા અર્થતંત્રમાં ફુગાવાજનક સ્થિતિ ઊભી કરે છે. શાખસર્જનના લીધે પ્રજાની ખરીદશક્તિ જેટલા પ્રમાણમાં વધે છે. તેટલા પ્રમાણમાં ઉત્પાદન ન વધતા અર્થતંત્રમાં ફુગાવાજન્ય દબાણ ઊભું થાય છે. સરકાર આ પ્રકારની ફુગાવાજનક સ્થિતિને કાબૂમાં રાખવા માટે વાણિજ્યક બેંકો પાસેથી દેવું કરે છે.

8.5.1.4 મધ્યસ્થ બેંક પાસેથી ઉછીનાં નાણાંની પ્રાપ્તિ :

દેશની મધ્યસ્થ બેંક પણ સરકારને લોનની રકમ આપી શકે છે. મધ્યસ્થ બેંક સરકારી જામીનગીરીની ખરીદી કરીને સરકારે ઉછીનાં નાણાં પૂરાં પાડે છે. મધ્યસ્થ બેંક, સરકાર પાસેથી ભવિષ્યમાં વ્યાજ સાથે જ્યારે આ નાણાં પરત મેળવશે ત્યારે તે વધુ શાખસર્જન કરવાની કે લોન આપવાની અપેક્ષા રાખે છે.

8.5.2 બાહ્ય જાહેર દેવુ (આંતરરાષ્ટ્રીય જાહેર દેવુ) :

સરકાર વિદેશમાંથી પણ જાહેર દેવું કરે છે. આ પ્રકારનું જાહેર દેવું યુદ્ધના સમયે (અથવા સંરક્ષણ માટે શસ્ત્ર સરંજામ ખરીદવા), વિકાસ કાર્યો પાછળ નાણાં ખર્ચવા, અથવા અંદાજપત્રને સમતોલ કરવા માટે હોય છે. સામાન્ય રીતે ચોક્કસ પ્રકારનાં વિકાસ કાર્યો માટે ખાનગી વ્યક્તિઓ, બેંકો કે અન્ય નાણાકીય સંસ્થાઓ પાસેથી નાણાં પ્રાપ્તિ કરવામાં આવે છે. દા.ત. રેલવે, સિંચાઈ, વગેરે... આમ છતાં, વર્તમાન સમયમાં સરકારનાં જાહેર દેવાં માટે બે સ્ત્રોત ખૂબ જ જાણીતા બન્યા છે. જેમાં (ક) આંતરાષ્ટ્રીય નાણાકીય સંસ્થાઓ વિકાસ કાર્યો હાથ ધરવા તથા કામચલાઉ રીતે ઊભી થયેલી નાણાકીય અસમતુલાને દૂર કરવા માટે ટૂંકા ગાળાની લોન આપે છે. અને (ખ) વિદેશી સરકાર સામાન્ય રીતે વિકાસને લગતા કાર્યક્રમો હાથ ધરવા માટે લોનના સ્વરૂપમાં મદદ કરે છે.

❖ તમારી પ્રગતિ ચકાસો (ક) :

(1) કૌંસમાં દર્શાવેલ યોગ્ય શબ્દસમૂહ વડે ખાલી જગ્યા પૂરો :

(ક) સરકાર જાહેર દેવાનો ઉપયોગ__________માટે કરે છે.

(સમગ્ર સમાજ, જૂજ વ્યક્તિઓ)

(ખ) IBRD પાસેથી કરવામાં આવેલું દેવું __________જાહેર દેવું કહેવાય છે.

(આંતરિક, બાહ્ય)

(ગ) ભવિષ્યમાં કોઈ ચોક્કસ તારીખે સરકાર દ્વારા દેવું ચૂકવવાનું વચન આપવામાં આવે તો તેને__________દેવું કહેવાય છે.

(અવેજ, પુનઃ ખરીદઅપાત્ર)

(2) નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તપાસો :

(ક) જાહેર દેવું વધવા માટેનું મહત્ત્વનું કારણ સરકાર દ્વારા કરવામાં આવતો જાહેર ખર્ચ છે.

(ખ) બેંકોની વધુ પડતી શાખસર્જનની પ્રક્રિયા અર્થતંત્રમાં મંદીજન્ય સ્થિતિ ઊભી કરે છે.

(ગ) રાજ્યમાં સિંચાઈની સગવડ ઊભી કરવા સરકાર દ્વારા કરવામાં આવેલું જાહેર દેવું બિનઉત્પાદકીય ગણાય છે.

(3) ખાનગી દેવું, જાહેર દેવાથી કઈ રીતે અલગ પડે છે ? 50 શબ્દોમાં સમજાવો :

(4) આંતરિક દેવું કોને કહેવાય? બે વાક્યમાં જવાબ આપો.

## 8.6 જાહેર દેવાની આર્થિક અસરો :

જહોન એફ. ડ્યુ જાહેર દેવાની અસરોને બે તબક્કામાં વિભાજિત કરે છે. એક, જ્યારે જાહેર દેવું કરવામાં આવે છે ત્યારે પડતી અસરો, અને બીજો જાહેર દેવું કર્યા બાદની અસરો. જહોન ડ્યુના વર્ગીકરણને ધ્યાનમાં રાખી કહી શકાય કે જ્યારે જાહેર દેવું કરવામાં આવે ત્યારે જે વ્યક્તિ, સંસ્થા કે બેંકો દ્વારા સરકારનું દેવું ખરીદવામાં આવે (સરકારને જામીનગીરીના બદલામાં નાણાં ચૂકવે) તે પહેલા, તેમનું આકસ્મિક ભંડોળનું જે રોકડ માળખું હતું, તેમાં દેવું ખરીદવા બાદ બદલાવ આવે છે. કારણ કે તેઓ રોકડ નાણાંના બદલામાં સરકારી જામીનગીરીની અવેજી કરે છે, જેને પ્રાથમિક અસર કહી શકાય. અહીં વ્યક્તિ જ્યારે રોકડ નાણાંની જામીનગીરીમાં અવેજી કરે છે ત્યારે તરલતાની સ્થિતિ અને કુલ સંપત્તિમાં પણ ફેર પડે છે. વળી, સમગ્ર દૃષ્ટિએ જોઈએ તો વપરાશ, મૂડીરોકાણ અને આવકની વહેંચણી પર પણ તેની અસરો થાય છે. આ બધી અસરો જાહેર દેવું કર્યા પહેલાં અને પછીની અસરો છે.

પ્રો. વેગ્નર જાહેર દેવાની અસરોને અલગ રીતે સમજાવતા કહે છે કે, સરકાર જ્યારે કરવેરાનો ઉપયોગ કરે છે ત્યારે ચાલુ ખર્ચ પર તેની અસરો થાય છે, જ્યારે જાહેર દેવાંની અસરો મૂખર્ચ પર થાય છે. જોકે, વર્તમાન આર્થિક વિચારસરણી બદલાઈ છે. સામાન્ય રીતે કરવેરા અને જાહેરદેવાનો વિવિધ હેતુઓ પાછળ થતાં ખર્ચના આધારે ઉપયોગ કરવામાં આવે છે. ખાસ કરીને વિકાસમાન દેશો તેમના વિકાસને લગતાં કાર્યક્રમોને પાર પાડવા કરવેરા અને જાહેર દેવાનો ઉપયોગ કરે છે. સરકાર જાહેર દેવું કરીને જે ખર્ચ કરે અને કરવેરા દ્વારા મેળવેલી આવકમાંથી જે ખર્ચ કરે તેને બંને નીચે મુજબ જુદા પડે છે :

(ક) ફરજિયાત કરવેરા દ્વારા અને સ્વૈચ્છિક રીતે સરકારની સરકારી જામીનગીરી ખરીદનાર વ્યક્તિઓ દ્વારા નાણાકીય ભંડોળ પ્રજા પાસેથી સરકાર પાસે જાય છે.

(ખ) કરવેરા એ કરદાતાની સંપત્તિમાં ઘટાડો કરે છે, જ્યારે જાહેર દેવાં (લોન) દ્વારા નાણાં ધિરનારની સંપતિમાં ઘટાડો ન થતાં માત્ર તેનું સ્વરૂપ બદલાય છે.

(ગ) કરવેરા દ્વારા નાણાં પ્રાપ્ત કરવાં એ સંકુચિત અસર પેદા કરે છે, જ્યારે જાહેર દેવું એ વ્યાપક અસર ઉત્પન્ન કરે છે. કરવેરાની અસર સંકુચિત હોવાનું કારણ તે કદાચ વપરાશને જ ઘટાડે છે. જ્યારે જાહેર દેવામાં, નાણાં ધિરનાર સરકારને સ્વૈચ્છિક રીતે નાણાં પૂરાં પાડે છે. આ નાણું તેઓ પોતાની બચતમાંથી આપે છે માટે, તે વપરાશને અસર ન પણ કરે. જાહેર દેવાં દ્વારા પ્રાપ્ત કરવામાં આવતું નાણું સંપત્તિમાં ઘટાડો કરતું ન હોવાથી ઉદ્યોગ સાહસિક પર તેની વિપરીત અસર પડતી નથી, જેવી કે, કરવેરા દ્વારા થાય છે.

જાહેર દેવાં દ્વારા થતી વિવિધ આર્થિક અસરો નીચે મુજબ દર્શાવી શકાય :

8.6.1 જાહેર દેવાની વપરાશ પરની અસરો :

ઉપર દર્શાવ્યું તે પ્રમાણે જાહેર દેવું સામાન્ય રીતે વપરાશમાં કાપ મૂકતું નથી. કારણ કે, સરકારને નાણાં ધિરનાર, સ્વૈચ્છિક રીતે ધિરાણ કરતાં હોય છે. તેઓ પોતાની વર્તમાન વપરાશમાં કાપ ન મૂકતાં ભૂતકાળની બચતોને સરકારને ધિરતાં હોય છે. પરંતુ યુદ્ધ જેવા આકસ્મિક સંજોગો દરમિયાન ફરજિયાતપણે સરકારી લોન ખરીદવી પડે છે. આ સિવાયના સંજોગોમાં સરકાર વિશિષ્ટ લાભ અને ઊંચા વ્યાજદર આપે છે. ક્યારેક સરકાર જનતા અને નાણાકીય સંસ્થાઓને સરકારી જામીનગીરીઓમાં રોકાણ કરવા અને બચતોને પ્રોત્સાહિત કરવા લલચાવે છે.

8.6.2 જાહેર દેવાંની મૂડીરોકાણ પરની અસરો :

સરકાર દ્વારા કરવામાં આવતું જાહેર દેવું મૂડીરોકાણ પર વિપરીત અસર કરે છે, સાથે સાથે તટસ્થ પણ રહે છે. જેમકે, સરકાર દ્વારા દેશની મધ્યસ્થ બેંક અને વાણિજ્ય બેંકો પાસેથી જે દેવું કરવામાં આવે છે તે વધારાની ખરીદશક્તિ ઉત્પન્ન કરવા સ્વરૂપ હોય તો તેનાથી મૂડીરોકાણ ભંડોળમાં કાપ આવતો નથી. પરંતુ જો વ્યક્તિગત, નાણાકીય સંસ્થાઓ અને વાણિજ્યક બેંકો દ્વારા મૂડીરોકાણ કરવાના હેતુથી જમા કરેલું ભંડોળ સરકારનું દેવું ખરીદવા ઉપયોગમાં લેવાય તો તેનાથી મૂડીરોકાણમાં જરૂર કાપ આવે છે. પરંતુ વ્યાજનો દર બહુ અસરકારક ન હોય અને સરકાર જામીનગીરીની સામે કોઈ વિશિષ્ટ લાભ ન આપતી હોય તો આવા સંજોગોમાં ખાસ મૂડીરોકાણ પર બહુ ખાસ અસર પડતી નથી.

દા.ત. વ્યાજનો દર બહુ ઊંચો છે તથા સરકારી જામીનગીરીના લાભો ખૂબ વધુ હોય તો કંપનીના શેરની માંગ ઘટે છે, પરિણામે શેરની કિંમતમાં ઘટાડો થાય છે, જે ખાનગી મૂડીરોકાણમાં ઘટાડો કરે છે. આમ છતાં, સરકાર ઘણીવાર મૂડીરોકાણને નહિવત્ અસર થાય તેવી નીચે વ્યાજદરવાળી સસ્તા નાણાંની નીતિને અનુસરે છે કે જેથી જાહેર દેવાં પર નીચા વ્યાજદરરૂપી બોજો પડે.

8.6.3 જાહેર દેવાંની આવકની વહેંચણી પરની અસરો :

જાહેર દેવાં દ્વારા સરકાર જે ખર્ચ કરે છે તે ઊંચી વાસ્તવિક આવક માટે ફાયદારૂપ છે, તેવું દર્શાવે છે. જાહેર દેવાં ભંડોળ સરકારી જામીનગીરી ખરીદનારની વાસ્તવિક આવકમાં ઘટાડો કરતું નથી. જો જાહેરખર્ચનો હેતુ ઓછી આવક ધરાવનારા વર્ગને વધુ આર્થિક કલ્યાણ પૂરું પાડવાનો હોય તો પરિણામે અસમાનતા દૂર થશે અને પ્રજા વચ્ચે આવકની સમાન વહેંચણી થશે. જોકે ઘણી વખત વધુ પડતું જાહેરખર્ચ ફુગાવાજનક સાબિત થાય છે. જેમાં આગળ દર્શાવ્યા

પ્રમાણે પ્રજા વચ્ચે આવકની વહેંચણી બાબતે ઘણી સારી અસરો ઊભી કરે છે તો ક્યારેક તટસ્થ રહે છે. બીજો મહત્ત્વનો મુદ્દો એ દર્શાવવાનો કે વ્યાજની ચૂકવણી એ વાસ્તવિક આવકના કરદાતાથી બોન્ડ-હોલ્ડર તરફના પ્રવાહને સૂચવે છે. જો કરદાતા અને બોન્ડ હોલ્ડર (દેવું ખરીદનાર - જામીનગીરી ખરીદનાર) બંને એક જ વ્યક્તિ હોય તો આવકની પુનઃ વહેંચણીની કોઈ જરૂરિયાત જણાતી નથી. પરંતુ ખરેખર જેમની વચ્ચે આવકની પુનઃ વહેંચણી કરવામાં આવે છે તે કરદાતા અને બોન્ડ હોલ્ડર વચ્ચે સમય તથા સ્થળનું અંતર હોય છે. આમ, બંને અલગ-અલગ સમૂહ કે જૂથ હોવાથી આવકની પુનઃ વહેંચણી શક્ય બને છે.

8.6.4 વિદેશી જાહેર દેવાંની અર્થતંત્ર પરની અસરો :

વિદેશી લોન કે દેવું વપરાશ અને મૂડીરોકાણ પર સાનુકૂળ અસરો ઊભી કરી શકે છે. વિદેશી લોન દ્વારા તત્કાલિન નિકાસી આવક પ્રાપ્તિ વિના, અથવા નાણાકીય ચૂકવણી વિના પણ આયાત કરી શકાય છે. જો વિદેશી લોન એ વપરાશી વસ્તુઓના સંદર્ભમાં હોય તો તેમાંથી રાષ્ટ્રમાં વસ્તુના સંગ્રહ દ્વારા ઉત્પન્ન કરવામાં આવેલી ફુગાવાજનક સ્થિતિને કાબૂમાં લાવવી શક્ય છે. જો યંત્રના, ઔદ્યોગિક કાચોમાલ કે ટેકનિકલ જ્ઞાનના સંદર્ભમાં હોય તો રાષ્ટ્રના ઝડપી ઔદ્યોગિકરણ માટે સાનુકૂળ અસર ઊભી કરે છે. પરંતુ જો વિદેશી લોન એ યુદ્ધ અથવા લશ્કરી તાકાતને વધારવાના સંદર્ભમાં હોય તો તે રાષ્ટ્રના મૂડીરોકાણ ઉપર કોઈ પણ પ્રકારની અસર પેદા કરશે નહી.

## 8.7 જાહેર દેવાની ચૂકવણી રીતો :

આધુનિક સરકારો બહુ મોટા પ્રમાણમાં દેવું કરે છે, જોકે, તેમની પાસે ચૂકવણી માટેનાં સાધનો સીમિત હોય છે. કોઈ પણ સરકાર માટે દેવું ચૂકવવું ખૂબ જ જરૂરી છે અન્યથા દેવામાં વધારો થવાથી સરકાર નાદાર થઈ શકે છે. જોકે, આંતરિક દેવામાં સરકારની નાદારી સંભવ નથી કારણ કે, સરકાર ઊંચા વેરા વસૂલ કરીને અથવા નવી ચલણી નોટો છાપીને દેવું ચૂકવી શકે છે. પરંતુ બાહ્ય દેવાની બાબતમાં સરકાર દ્વારા ઊંચા વ્યાજદર આપવા છતાં પણ લોન મળવામાં મુશ્કેલી જણાય તો સરકાર નાદાર જેવી સ્થિતિમાં મુકાય છે. આ પ્રકારની મુશ્કેલીઓથી બચવા માટે સરકાર યોગ્ય સમયે દેવાની ચૂકવણી કરી આપે છે.

જાહેર દેવાની ચૂકવણી માટે સામાન્ય રીતે નીચે મુજબની રીતો અપનાવવામાં આવે છેઃ

8.7.1 દેવાની ચૂકવણીનો ઈનકાર :

સરકાર દેવાની ચૂકવણી કરવાની ના પણ પાડી શકે છે. જો આમ થાય તો પ્રજાનો સરકાર પરનો વિશ્વાસ ઘટી જાય છે અને સરકારને ભવિષ્યમાં દેવુ કરવામાં મુશ્કેલી ઊભી થશે. વિદેશી દેવાની ચૂકવણીનો ઈનકાર કરવામાં આવે તો દેશને આર્થિક નાકાબંધી અથવા લશ્કરી પગલાં સહેવાં પડશે. માટે સરરકાર દેવાની ચૂકવણી કરવાની ના નહીં પાડે. આમ છતાં, વિશિષ્ટ કે અસામાન્ય સંજોગોમાં સરકાર દેવાની ચૂકવણી કરવાનો ઈનકાર કરી શકે છે.

8.7.2 નવી જામીનગીરીઓ દ્વારા :

કોઈ એક પ્રકારની જામીનગીરી કે લોનની મુદ્દત પૂરી થતાં તેની ચૂકવણી માટે સરકાર નવી જામીનગીરી કે બોન્ડ બહાર પાડીને પણ જરૂરી નાણાભંડોળ પ્રાપ્ત કરી શકે છે. સરકાર ટૂંકી મુદ્દતના દેવાની ચૂકવણી માટે લાંબી મુદ્દતના બોન્ડ અથવા જામીનગીરી બહાર પાડે છે. જેથી સરકાર પર કામચલાઉ બોજો ઘટે છે.

8.7.3 દેવાનું રૂપાંતર :

દેવું ચૂકવવાની બાબતમાં સરકાર એક લોન ભરપાઈ કરવા માટે અન્ય નવી લોનની મદદ લે છે. સામાન્ય રીતે નીચા વ્યાજમાંથી ઊંચા વ્યાજમાં લોનનું રૂપાંતર કરવામાં આવતું હોય છે, કે જેથી દેવાના બોજામાં ઘટાડો થાય. લોન રૂપાંતરનો માર્ગ નીચેના બે સંજોગોમાં અપનાવવામાં આવતો હોય છે :

(ક) ચૂકવણી માટે સરકાર પાસે પર્યાપ્ત નાણું ન હોય.

(ખ) જૂની લોનની તુલનામાં વર્તમાન નવી લોનનો વ્યાજના દરો સરકારને અનુકૂળ લાગતા હોય.

જોકે, આ પ્રકારે દેવાનું રૂપાંતર કરવાથી હકીકતમાં દેવાનો બોજો ઓછો થતો નથી.

8.7.4 કેપિટલ લેવી :

સરકાર પર દેવાનું ભારણ એ ખુબ વધી ગયું હોય ત્યારે સમાજ પર ઓછામાં ઓછો બોજ પડે એ માટે ડાલ્ટન કેપિટલ લેવી નાખવાથી ભલામણ કરે છે. આ વેરો એ કાયમને માટે ફક્ત એક જ વખત અમુક કિંમતની સંપત્તિના માલિક પર ઊંચા દરે લેવાતો વેરો છે.

ખાસ કરીને યુદ્ધ દરમિયાન થયેલાં દેવાંના બોજાની ચૂકવણી માટે આ વેરો નાખવામાં આવતો હોય છે. વિશ્વના ઘણા દેશોએ યુદ્ધ પછી કેપિટલ લેવી દ્વારા દેવાની રકમ એકઠી કરેલી હતી. આમ છતાં, કેપિટલ લેવી દરમિયાન નીચેની બાબતો પર ધ્યાન રાખવું આવશ્યક છે :

(ક) લોકોની કર ભરવાની શક્તિ પ્રમાણે કેપિટલ લેવી પ્રાપ્ત કરવી જોઈએ.

(ખ) યુદ્ધ દરમિયાન ઉત્પન્ન થયેલી ફુગાવાજન્ય સ્થિતિ અને નફાખોરીથી ઉત્પાદકો બહોળો નફો કમાયા હોય છે, માટે તેઓને કેપિટલ લેવીનાં નાણાં આપવા સરળ લાગે છે.

(ગ) કેપિટલ લેવી દ્વારા જયારે દેવું ચૂકવાય જાય ત્યાર બાદ સરકારે લેવી દ્વારા નાણાં મેળવવાં બંધ કરી દેવાં જોઈએ કે જેથી સમાજ પરનો વિશેષ બોજ ઘટશે અને તેઓ માનસિક સંતોષ અનુભવશે.

(ઘ) ધનિક ગ્રાહકની વપરાશવૃત્તિ ઘટાડવા અને ફુગાવાના દબાણને ઓછું કરવા કેપિટલ લેવી ઉચિત ગણાય છે.

આ ઉપરાંત યુદ્ધ પછીના સમયમાં રાષ્ટ્રમાં સુધારારૂપ, આઝાદી બાદ દેશના વિભાજન પછી નિર્વાસિતોના પુનઃ વસવાટ માટે જરૂરી નાણાંની પ્રાપ્તિ માટે કેપિટલ લેવીનું સૂચન કરવામાં આવ્યું હતું. આમ છતાં, કેપિટલ લેવી યુદ્ધ પછીના સમયમાં ઉઘરાવાનું વધુ વાજબી ગણવામાં આવે છે. કારણ કે આ સમયે સરકારનું દેવું પણ ખૂબ વધી ગયુ હોય છે અને સાથે વ્યાજની ચૂકવણી પણ કરવાની હોય છે.

8.7.5 ક્રમિક બોન્ડની ચૂકવણી :

આ રીતમાં સરકાર જાહેર દેવાની રકમને એકીસાથે ન ચૂકવતા દર વર્ષે થોડી થોડી રકમની ચૂકવણી કરે છે. સરકાર પાસે દેવાની પાકતી મુદતે પૂરેપૂરાં નાણાં ભરપાઈ કરવાની શક્તિ હોવા છતાં પણ અમુક પ્રતિકૂળતાઓ ઊભી થવાની શક્યતા હોવાથી ક્રમવાર લોનની રકમ ભરપાઈ કરે છે. આમ અમુક વર્ષે લોનની પૂરેપૂરી રકમ ભરપાઈ થઈ જાશે અને સરકારના દેવામાં પણ ઘટાડો થશે.

8.7.6 ડૂબતનિધિ (Sinking Fund - સિંકિંગ ફંડ) :

આ રીતમાં સરકાર પોતાની આવકમાંથી અમુક આવકને જુદી રાખીને એક ભંડોળ ઊભું કરે છે. આ રીતે એકઠું કરેલ ભંડોળ દેવાની ચૂકવણી માટે ઉપયોગમાં લઈ શકાય. દેવાની ચૂકવણી માટે આ પદ્ધતિ સૌથી ઉત્તમ ગણાય છે. કારણ કે તેનાથી સરકારની પ્રતિષ્ઠા પણ વધે છે અને લોન આપનારનો વિશ્વાસ પણ વધે છે. જોકે, આ એક ધીમી પ્રક્રિયા છે અને સરકાર કટોકટીના સમયે આ સમનો ઉપયોગ કરી નાખે તેવો પણ ભય રહે છે.

આધુનિક સમયમાં સરકાર આ પ્રકારની ડૂબતનિધિ દ્વારા નાણાંભંડોળ ઊભું કરતું નથી, પરંતુ દર વર્ષે પોતાની આવકના અમુક ભાગને જાહેર દેવાની ચૂકવણી માટે અલગથી ફાળવી આપે છે.

8.7.7 પુરાંતવાળું અંદાજપત્ર :

સરકાર દ્વારા દેવાની ચૂકવણી માટે ઘણીવાર પુરાંતવાળા અંદાજપત્રનો ઉપયોગ કરવામાં આવે છે. જોકે, પુરાંતવાળા અંદાજપત્ર માટે ભારે કરબોજનો આશરો લેવો પડતો હોય છે, જે ગંભીર અસરો પેદા કરી શકે છે. આથી ભારત જેવા દેશમાં પુરાંતવાળું બજેટ ભાગ્યે જ જોવા મળે છે.

8.7.8 વધારાના કરવેરા :

જાહેર દેવાની ચૂકવણી માટેનો અન્ય માર્ગ નવા કરવેરા દ્વારા આવક પ્રાપ્તિ કરવાનો છે. સરકાર માટે આ માર્ગ વધુ સરળ છે. પ્રમાણમાં નીચા દરવાળા એક કરતાં વધુ કરવેરા નાખીને સરકાર જે આવક પ્રાપ્ત થાય તેનો ઉપયોગ દેવાની ચૂકવણી કરવા ઉપયોગમાં લઈ શકે છે. વળી, આ પ્રક્રિયામાં આવકની પુનઃ વહેંચણી પણ સમાયેલી છે. છતાં, જો લાંબી મુદ્દતના દેવાની ચૂકવણી માટે વધારાના કરવેરાનો ઉપયોગ કરવામાં આવે તો ભાવી પેઢી પર દેવાનો બોજ આવી શકે છે.

❖ તમારી પ્રગતિ ચકાસો : (ખ)

(1) સરકાર વિદેશી દેવાની ચૂકવણીનો ઈનકાર કરી શકે નહીં, બે વાક્યમાં જવાબ આપો.

______________________________

______________________________

______________________________

(2) વિદેશી જાહેર દેવું દેશના અર્થતંત્ર પર સાનુકૂળ અસર ઊભી કરી શકે છે. 30 શબ્દોમાં સમજાવો.

______________________________

______________________________

______________________________

(3) સરકાર દ્વારા કેપિટલ લેવી ક્યા સંજોગોમાં નાખવામાં આવે છે ? 50 શબ્દોમાં જણાવો.

______________________________

______________________________

______________________________

(4) નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં જણાવો :

(ક) પુરાંતવાળું અંદાજપત્ર ગંભીર અસરો પેદા કરી શકે છે.

(ખ) જાહેર દેવાં દ્વારા સરકાર જે ખર્ચ કરે છે તે ઊંચી વાસ્તવિક આવક માટે ફાયદારૂપ છે.

## 8.8 સારાંશ :

આ એકમમાં આપણે જાહેર દેવાના વિવિધ પાસાંઓની ચર્ચા કરી છે. ખાસ કરીને ૨૦મી સદીમાં કલ્યાણ રાજ્યના ખ્યાલ સાથે જાહેર દેવાનું મહત્ત્વ વધતું ગયું છે. માટે જ આધુનિક સરકારો પોતાનાં અંદાજપત્રોમાં જાહેર દેવાને વિશેષ મહત્ત્વ આપે છે અને વિવિધ હેતુઓ માટે દેવાનો ઉપયોગ કરે છે. અગાઉનાં વર્ષોમાં દેવું એ રાષ્ટ્રની નબળી સ્થિતિનું પ્રતીક માનવામાં આવતું હતું. આજે દેવું કરવું એ શરમ નહિ, પરંતુ રાષ્ટ્રના વિકાસનું મહત્ત્વનું સાધન બની ચુક્યું છે. આજે અલ્પવિકસિત, વિકાસમાન અને વિકસિત રાષ્ટ્રો દેવાનો ખુલ્લેઆમ ઉપયોગ કરી રહ્યાં છે. જયારે ચીલાચાલુ સાધનો દ્વારા આવક પ્રાપ્ત ન કરી શકાતી હોય ત્યારે દેવું જ આવક નિર્માણનું મહત્ત્વનું સાધન બની રહે છે. આંતરિક દેવું કરવું કે આંતરરાષ્ટ્રીય દેવું (બાહ્ય દેવું) કરવું એ રાષ્ટ્રની પરિસ્થિતિ પર આધાર રાખે છે. છતાં પણ એક બાબત યાદ રાખવી જરૂરી છે કે આંતરિક દેવાની તુલનામાં આંતરરાષ્ટ્રીય દેવું વધુ બોજારૂપ હોય છે. માટે જ, દેવાનો ઉપયોગ ઉત્પાદકીય હેતુ માટે જ થાય તેની સરકારે કાળજી રાખવી જોઈએ. સરકારે આંતરરાષ્ટ્રીય દેવાનો ઉપયોગ વપરાશ માટે ન કરતાં રાષ્ટ્રની આવકમાં વધારો થાય અને રાષ્ટ્રના વિકાસમાં દેવું સહાયક બની શકે તે માટે જ કરવો જોઈએ. જાહેર દેવાનો ખ્યાલ સાપેક્ષ છે. જાહેર દેવું કરવું ફાયદાકાર છે કે નુકસાનકારક, એ તો જે તે દેશની સરકાર દેવાનો ઉપયોગ ક્યા હેતુસર અને કેવી રીતે કરે છે, તેના પર આધાર રાખે છે.

## 8.9 ચાવીરૂપ શબ્દો :

❖ શાખસર્જન :

કુલ થાપણોનો અમુક ભાગ રોકડમાં હાથ પર રાખીને બાકીના ભાગનું ગ્રાહકોને ધિરાણ કરીને વ્યાપારી બેંકો શાખસર્જન કરતી હોય છે. બેંકો જયારે પોતાના ગ્રાહકોને લોન કે ધિરાણ આપે છે ત્યારે તે માટેની રકમ રોકડમાં આપવાને બદલે ગ્રાહકના ખાતામાં તેટલી જ રકમ જમા કરવામાં આવે છે. ધિરાણ લેનાર ગ્રાહકને જેટલાં પ્રમાણમાં નાણાંની જરૂર હોય અથવા અન્ય વ્યક્તિને નાણાં આપવાનાં હોય તો બેંકને ચેક લખે છે અને બેંક ચેકની ચૂકવણી કરે છે. આ રીતે બેંક ધિરાણ કે લોન આપે છે ત્યારે રોકડ ગુમાવ્યા વગર વ્યાજ કમાય છે. આ રીતે બેંક જે નવાં નાણાંનુ સર્જન કરે છે તેને શાખસર્જન કહેવાય છે.

❖ કલ્યાણ રાજ્ય :

પાછલાં વર્ષોમાં રાજ્યનું કામ માત્ર પ્રજાને રક્ષણ અથવા સલામતી આપવાનું હતું. પરંતુ આજે રાજ્ય દ્વારા માત્ર પ્રજાને સલામતી જ ન આપતા પ્રજાનો આર્થિક, સામાજિક, રાજકીય અને સાંસ્કૃતિક વિકાસ થાય તે હેતુથી વિવિધ સેવાઓ પ્રદાન કરવાનું પણ છે. જેથી કરીને પ્રજાના કલ્યાણમાં વધારો થવાથી રાષ્ટ્રનો ઝડપી વિકાસ શક્ય બને.

❖ સસ્તાં નાણાંની નીતિ :

અર્થતંત્રમાં જયારે મંદીજન્ય સ્થિતિ હોય ત્યારે મધ્યસ્થ બેંક દ્વારા બેંકરેટ, રેપોરેટ, રિવર્સ રેપોરેટ વગેરેના દરમાં ઘટાડો કરવામાં આવે છે. વ્યાજદર ઘટવાથી વિવિધ પ્રકારની લોન

સસ્તી થાય છે. લોકો ધિરાણ લેતાં થાય છે. ટૂંકમાં પ્રજાના હાથમાં વધુ રોકડ નાણું આપવાથી ખરીદશક્તિમાં વધારો થાય છે. અર્થતંત્રમાં ઉત્પાદન, આવક, રોજગારી વધે છે અને મંદી દૂર થાય છે. મધ્યસ્થ બેંકની આ પ્રકારની નીતિને સસ્તાં નાણાંની નીતિ કહે છે.

❖ જાહેર દેવાનો બોજો :

જાહેર દેવાનો બોજો એટલે દેવું ભરપાઈ કરવા માટે જે રકમ ચૂકવવાની છે તે આ રકમમાં મુદલ અને વ્યાજનો સમાવેશ થાય છે. દેવું ભરપાઈ કરવાની જવાબદારી અને સમાજના સંતોષ અથવા કલ્યાણ, જે અસર પેદા થાય છે તે બોજ તરીકે ગણવામાં આવે છે.

❖ બોન્ડ :

કોઈ ચોક્કસ તારીખે ચોક્કસ રકમની ચૂકવણી કરવા માટે અથવા ચોક્કસ શરતોને પરિપૂર્ણ કરવા માટે એક લેખિત અથવા હસ્તાક્ષર કરેલું વચનપત્ર બધાં જ દસ્તાવેજીકૃત કરારો અને લોન કરારો એક પ્રકારના બોન્ડ જ છે.

❖ સરકારી જામીનગીરી :

સરકારી જામીનગીરી એક એવો બોન્ડ છે કે જેની પાકતી તારીખે સરકાર દ્વારા તેની ચૂકવણી કરવાનો વાયદો કરેલો હોય. આ બોન્ડને સરકારી સમર્થન હોવાથી તે ઓછા જોખમવાળું મૂડીરોકાણ ગણાય છે. સરકાર નાણાં એકત્ર કરવા રોકાણકારોને જામીનગીરી વેચીને દેવું કરે છે. ખાનગી ઉદ્યોગોની જેમ જ સરકાર પણ નાણાંની પ્રાપ્તિ માટે બોન્ડના સ્વરૂપમાં જામીનગીરી બહાર પાડે છે અને નાણાપ્રાપ્તિ કરે છે.

❖ નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :

(1) રાજ્ય દ્વારા કરવામાં આવતા દેવાને ખાનગી દેવું કહે છે.

(2) દેશનું બાહ્ય દેવું એ દેશનું એક રાજ્ય બીજા રાજ્ય પાસેથી મેળવે છે.

(3) જાહેર દેવું એ સામાન્ય રીતે લોકોમાં વપરાશમાં ઘટાડો કરતું નથી.

(4) વિદેશી જાહેર દેવું અર્થતંત્ર પર ત્યારે જ હકારાત્મક અસર થાય છે કે જેનો ઉપયોગ ઉત્પાદકીય ક્ષેત્રમાં કરવામાં આવે

(5) જાહેર દેવાનાં પરિણામે આવકની વહેંચણી વધુ સમાન બને છે.

(6) કરવેરા દ્વારા કરદાતાની સંપત્તિમાં ઘટાડો થાય છે.

(7) રાજ્ય દ્વારા કરવેરાથી પ્રાપ્ત થતી આવકના કારણે લોકોની વપરાશ ઘટે છે.

⇨ ઉપયોગી પુસ્તકો ની યાદી :

➢ ડૉ.એમ.એન. રાવલ : 1976 આર્થિક સિદ્ધાંતો, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય

➢ ડી.એમ. મિથાની, પી.એસ.ત્રિવેદી : 1987 રાષ્ટ્રીય અર્થવિધાન, ઓક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ

➢ R.C.Saxena, P.C Mathur : 1963 Public Economics, Sai Prakash Nath & Co.

➢ R.N. Tripathy : 1964, Public Finance in under developed Countries, World Press

➢ U.P. Saxena, V.P. Malhotra : Esay on Money and Public Finance, A Coreers digest Publication

➢ Andley & Sandaram : 1969 Public Economics and Public Finance, Ratan Prakashan Mandir Agra.

➢ H.L. Bhatia : 1976 Public Finance, Vikash Publishing house Pvt.Ltd. Kanpur.

⇨ 'તમારી પ્રગતિ ચકાસો' ના જવાબો :

❖ તમારી પ્રગતિ ચકાસો (ક) :

(1) (ક) સમગ્ર સમાજ (ખ) બાહ્ય (ગ) અવેજ

(2) (ક) સાચુ (ખ) ખોટુ (ગ) ખોટુ

(3) પેટા વિભાગ 8.3.2 વાંચો

(4) પેટા વિભાગ 8.4.1 વાંચો

❖ તમારી પ્રગતિ ચકાસો (ખ) :

(1) પેટા વિભાગ 8.7.1 વાંચો

(2) પેટા વિભાગ 8.6.4 વાંચો

(3) પેટા વિભાગ 8.7.4 વાંચો

(4) (ક) ✓ (ખ) ✓

❖ જવાબ :

(1) ખોટું (2) ખોટું (3) ખરું (4) ખરું

(5) ખરું (6) ખરું (7) ખરું

*** *** ***